



## બાયડમાં ભારે પવન સાથે વરસાદ

ભારે પવન ફૂંકાતા વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી પડી. ભારે પવન સાથે વરસાદ પડતા ખેડૂતોમાં આનંદ છવાયો. બાયડમાં સાંજના છ વાગ્યા પછી અચાનક ભારે પવન સાથે વરસાદ તૂટી પડતાં આહલાદક વાતાવરણ સર્જાયો હતો.

# બનાસકાંઠા પોલીસની મોટી સફળતા રાજસ્થાનના ખૂંખાર ડાકુને ઝડપ્યો

### ૩૮ વર્ષ અગાઉ ઈકબાલગઢ બેંકમાં ચકચારી લૂંટ કરી હતી



બનાસકાંઠા જિલ્લા પોલીસને મોટી સફળતા મળી છે ,બનાસકાંઠાના ઈકબાલગઢમાં ૩૮ વર્ષ પહેલા એક કોન્સ્ટેબલની હત્યા કરી બેંકમાંથી સનસનીખેજ લૂંટ કરનાર ખૂંખાર ડાકુને પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડયો છે. અનેક ગંભીર ગુનાઓને અંજામ આપનારા ખૂંખાર ડાકુને ૩૮ વર્ષ બાદ પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લાના ઈકબાલગઢમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખાને ૩૮ વર્ષ પહેલા રાજસ્થાનના એક ડાકુએ ટાર્ગેટ બનાવી હતી. જેમાં સતીષદાનસિંહ રાઠોડ નામના ડાકુએ તેના ૭ સાગરિતો સાથે મળી આ બેંકમાં લૂંટ ચલાવી હતી. આ સનસનીખેજ લૂંટની વિગતે વાત કરીએ તો ૩૦-૧૨ -૧૯૮૨ના સાંજે ૪ વાગ્યાના સુમારે ઈકબાલગઢની સ્ટેટ બેંકની અંદર આવેલા ૮ બંદૂકધારી ડાકુઓએ બેંકના મેનેજરને બંદૂક મારી ૧,૩૨,૨૦૦ રૂપિયાની ધોળે દહાડે લૂંટ ચલાવી હતી. જોકે તે સમયે લૂંટની જાણ થતાં પોલીસ આવી જતાં શિવદત્તભાઈ શર્મા નામના બાહોશ પોલીસ કોન્સ્ટેબલે આ ખૂંખાર ડાકુને રોકવાનો પ્રયાસ કરતા કોન્સ્ટેબલને ગોળીથી વીંધી નાખી તેની હત્યા કરી ડાકુઓ ઊંટ ઉપર સવાર થઈ ત્યાંથી ફરાર થઈ ગયા હતા જોકે ત્યાર બાદ આજ સુધી આ ડાકુઓનો કોઈ જ પત્તો મળ્યો ન હતો. પરંતુ ત્યાર બાદ ઈકબાલગઢમાં શહીદ કોન્સ્ટેબલનું સ્મારક બનાવવામાં આવ્યું હતું,જોકે લૂંટ સમયે બેંકમાં નોકરી કરતા પટાવાળાએ જણાવ્યું હતું કે,મોઢા બાંધીને ડાકુઓ આવ્યા હતા, તે સમયે હું પટાવાળો હતો, બેંકમાં લૂંટ કરતા પોલીસ કર્મી આવ્યો તો તેને ગોળી મારીને હત્યા કરી ,તેમજ બેંક મેનેજરને પણ માર મારી લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

જો કે તે સમયે પોલીસે લૂંટને અંજામ આપનાર આઠ ડાકુઓમાંથી રાજસ્થાનના બાડમેરના કેશુવા ગામના રાવતાભાઈ મેલાજી રબારી અને સૈયલા ગામના માલસિંહ ભીમસિંહ ખીચી ( રાજપૂત) નામના ૨ આરોપીઓને ઝડપી પાડ્યા હતા જ્યારે ૬ ડાકુઓ ફરાર હતા.જેમાંથી સમય જતાં ૫ ડાકુઓના મોત નિપજ્યા હતા પરંતુ બેંક લૂંટનાર મુખ્ય ડાકુ સતીષદાનસિંહ ઉર્ફે સમો દીપસિંહ જબસિંહ રાજપૂત બાડમેર જિલ્લાના ગરડા તાલુકાના બીજાવલ ગામે હોવાની બનાસકાંઠા પોલીસને બાતમી મળતાં પોલીસે એસ.ઓ. જી. ,એલ. સી. બી. અને પેરોલ ફલોની ટીમોએ વોચ ગોઠવી બીજાવલ ગામેથી ખૂંખાર ડાકુ સતીષદાન રાજપૂતને ઝડપી પાડયો હતો આજે તેને પાલનપુર લવાયો હતો,૩૮ વર્ષ પહેલા લૂંટ અને હત્યા જેવા ગંભીર ગુનાઓને અંજામ આપી નાસતા ફરતા આરોપીને બનાસકાંઠા જિલ્લા પોલીસે ઝડપી મોટી સફળતા મેળવી છે જોકે પકડાયેલ આરોપી અન્ય ગુનાઓમાં સામેલ છે કે નહીં ? તેની પોલીસ તપાસ કરી રહી છે.

# સાબરકાંઠામાં કોરોના પોઝિટીવ કેસનો રાફડો ફાટ્યો

### એક જ દિવસમાં ૧૫ કેસ નોંધાયા : ઈડરમાં ૫, હિંમતનગરમાં ૪, પ્રાંતિજમાં ૪ અને તલોદ તાલુકામાં ૨ કેસ

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોરોના પોઝિટીવ કેસનો આંકડો ચિંતાજનક રીતે આગળ વધી રહ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૫ કેસ નોંધાતા જિલ્લાની પ્રજામાં ભય ફેલાય તે સ્વાભાવિક છે. આ ૧૫ કેસો પૈકી સૌથી વધુ કેસ ઈડર, હિંમતનગર અને પ્રાંતિજમાં નોંધાયા છે. જો પ્રજા સાવચેતી અને જાગૃતિ નહી રાખે તો આગામી દિવસોમાં કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં રોકેટગતિએ વધારો થવાની શક્યતા નકારી શકાતી નથી.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરુવારે સાંજે પાંચ વાગ્યાથી શુક્રવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કોરોના પોઝિટીવના જે ૧૫ કેસ નોંધાયા છે તેમાં સૌથી વધુ ઈડરના છે. ઈડરના આનંદનગર સોસાયટીમાં રહેતા ૫૯ વર્ષીય પુરુષ, રબારી વાસમાં રહેતા ૨૯ વર્ષીય પુરુષ તથા ઈડર તાલુકાના પાનોલ ગામના ૪૬ વર્ષીય પુરુષ, બડોલી ગામમાં ૫૬ વર્ષીય પુરુષ અને કેસરપુરા ગામના ૭૨ વર્ષીય મહિલા કોરોનાની ઝપેટે ચઢી ગયા છે.

તે જ પ્રમાણે હિંમતનગર શહેરના અલકાપુરી વિસ્તારમાં રહેતા ૫૮ વર્ષીય મહિલા, વિરાટનગર સોસાયટીમાં ૫૪ વર્ષીય પુરુષ, પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં ૫૪ વર્ષીય પુરુષ તથા મહેતાપુરામાં ૫૦ વર્ષીય મહિલા કોરોના પોઝિટીવ જાહેર થતા તમાને હોસ્પિટલમાં સારવાર માટે મોકલી દેવાય છે તે જ પ્રમાણે પ્રાંતિજની નાની ભાગોળમાં ૪૯ વર્ષીય મહિલા, વ્હોરાવાડમાં ૩૫ વર્ષીય પુરુષ તથા તાલુકાના પોગલુ ગામના ૪૨ વર્ષીય પુરુષ અને ૬૨ વર્ષીય પુરુષને કોરોના થતાં ગામમાં આરોગ્ય તંત્ર દ્વારા અગમચેતીના પગલા લેવાનું શરૂ કરી દેવાયું છે. સાથોસાથ તલોદ તાલુકાના દાદરડા ગામના ૫૫ વર્ષીય પુરુષ અને અણીયોર ગામના ૨૨ વર્ષીય મહિલા કોરોના પોઝિટીવના ભોગ બન્યા છે.

## હિંમતનગર, ઈલોલ, હડીયોલ અને પોગલુમાં કોરોનાના કેસ વધ્યા

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો ત્રીજો તબક્કો શરૂ થઈ ગયો છે. ત્યારે અનેક લોકો રોજબરોજ નિયમોનો ભંગ કરીને ફરતા હોવાને કારણે પોઝીટીવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં વધુ નવ કેસના ઉમેરા સાથે જિલ્લામાં કુલ કેસનો આંકડો ૨૪૦ થઈ ગયો છે તેમાંથી અત્યારે ૭૪ કેસ એક્ટીવ છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરમાં ૬, ઈલોલ અને હડીયોલમાં ૧ તથા પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામમાં પણ વધુ એક કેસ નોંધાયો છે. જિલ્લામાં જે નવ કેસ નોંધાયા છે તે પૈકી હિંમતનગરની સાબરકુંજ સોસાયટીમાં ૩૮ વર્ષીય યુવક, કોટીચર્ક સોસાયટી છાપરીયા વિસ્તારમાં ૨૫ વર્ષિય મહિલા, સંજર સ્ટ્રીટ નવી મહોલાતમાં ૬૭ વર્ષીય પુરૂષ અને ૬૧ વર્ષીય મહિલા તથા ભાટ વાસના ૩૨ વર્ષીય યુવકનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના ઈલોલ ગામના ૪૧ વર્ષિય યુવક અને હડીયોલ ગામના ૫૧ વર્ષિય પુરૂષ પણ કોરોના પોઝીટીવનો ભોગ બન્યા છે. તેજ પ્રમાણે પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામે પણ ૬૫ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પોગલુ ગામે અત્યાર સુધીમાં કોરોના પોઝીટીવના ત્રણ કેસ નોંધાયા છે. જ્યારે શનિવારે સારવાર લઈ રહેલા નવ દર્દીઓને રજા અપાઈ છે તેમાં હિંમતનગર તાલુકાના છ અને તલોદ, ઈડર અને પ્રાંતિજ તાલુકાના એક-એક દર્દીનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવનો આંકડો ૨૪૦ થયો છે તે પૈકી ૧૫૯ ને રજા અપાઈ છે. જ્યારે ૭૪ કેસ એક્ટીવ છે અને અત્યાર સુધીમાં સાત જણાના મોત નિપજ્યા છે. તાલુકા પ્રમાણે વાત કરીએ તો હિંમતનગર તાલુકામાં કુલ પોઝીટીવ કેસ ૯૦, પ્રાંતિજમાં ૬૧, ઈડરમાં ૩૧, તલોદમાં ૨૧, વડાલીમાં ૧૩, ખેડબ્રહ્માં ૧૨, પોશીનામાં ૩ અને વિજયનગરમાં ૯ કેસ છે.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૨ કેસ

### ડીસાની મહિલાનું મોત : કુલ મૃત્યુઆંક ૧૫ થયો : પાલનપુર ૪, ડીસા ૫, ધાનેરા ૨ અને થરાદમાં ૧ કેસ નોંધાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો પ્રકોપ યથાવત રહ્યો છે. જ્યાં શનિવારે વધુ ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૪, ડીસા ૫, ધાનેરા ૨ અને થરાદમાં ૧ કેસ નોંધાયો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૮૬ પહોંચી ગઈ છે. જ્યારે ડીસાની એક મહિલાનું કોરોનાથી મોત નિપજ્યું હતું. જેની સાથે કુલ મૃત્યુઆંક ૧૫ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો વિસ્ફોટ થઈ રહ્યો છે. દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. લોકલ સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. જ્યાં શનિવારે વધુ ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૪, ડીસા ૫, ધાનેરા ૨ અને થરાદમાં ૧ કેસ નોંધાયો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૮૬ પહોંચી ગઈ છે. જ્યારે ડીસાની એક મહિલાનું કોરોનાથી મોત નિપજ્યું હતું. પાલનપુર ની કોવિડ હોસ્પિટલમાં દાખલ મહિલાનું મોત થયું હતું. ડીસામાં રહેતી આ મહિલાને ૩ દિવસ પહેલા જ કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવતા જ પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું આજે મોત થયું છે. તે સાથે જિલ્લામાં અત્યાર સુધી પોઝિટિવ કુલ ૧૫ લોકોના કરૂણ મોત થયા છે. બનાસકાંઠા જિલ્લામાં રોજરોજ વધતા જતા કેસો અને મોતના કારણે હવે લોકોમાં પણ ફફડાટ ફેલાયો છે.

# પ્રાંતિજમાં એક મકાનની પેરાફિટ ધરાશાયી થતાં પાછળના મકાન પર કાટમાળ પડ્યો

### પાછળ આવેલા પતરાવાળા મકાન ઉપર કાટમાળ પડતા મકાન માલિક સહિત પરિવારનો આબાદ બચાવ

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બજાર ચોક વિસ્તારોમાં આવેલ બંબાવાસ ખાતે ગીચ વસ્તીમાં આવેલ એક મકાનની પેરાફિટ ધરાશાયી થતા પાછળ આવેલા મકાન ઉપર પડતા પાછળના પતરાવાળા મકાનનો નકશો જ બદલાઈ ગયો, જોકે મકાન માલિક સહિત પરિવારનો આબાદ બચાવ થયો હતો.



પ્રાંતિજ ખાતે આવેલ બંબાવાસ ખાતે રહેતા બળદેવભાઈ મારવાડી કે જેવોના મકાનની પાછળના ભાગમાં આવેલ મકાન સાલુજી પુનમાજી મારવાડી મકાનની પેરાફિટ જર્જરીત થઈ ગઈ છે અને તેમની મકાનની પાછળ રહેતા બળદેવભાઈ મારવાડી દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા મકાન માલિક દ્વારા જર્જરીત પેરાફિટ ઉતારી દેવામાં આવી નહતી. ગઈકાલે મોડી સાંજે વરસાદ પડતા મકાનની પેરાફિટ ધરાશાયી થતા પાછળ રહેતા સંતોષબેન બળદેવભાઈ મારવાડીના મકાન ઉપર કાટમાળ પડ્યો હતો. પરીવારનો આબાદ બચાવ થયો હતો જોકે તેમના પતરાવાળા મકાન ઉપર કાટમાળ તેમના મકાનની અંદર બહાર કાટમાળ પડતા મકાનનો નકશો આખો બદલાઈ ગયો હતો. આ અંગે બળદેવભાઈ મારવાડી દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં જાણ કરવામાં આવી છે ત્યારે હજુ આ મકાન ઉપર આવેલ કાટમાળ અને હજુ સાઈડની પેરાફિટ પણ ધરાશાયી થાય તેમ છે તે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ઉતારી દેવી જોઈએ. ત્યારે હવે જોવું એ રહ્યું કે શું પાલિકા દ્વારા કે આ મકાન માલિક દ્વારા પાછળ આવેલા મકાન ઉપર કાટમાળ ઉઠાવવા સહિત ખર્ચ આપશે કે શું એ તો હવે જોવું રહ્યું.



## યાત્રાધામ શામળાજીમાં કોરોનાનો સૌપ્રથમ કેસ નોંધાતા ભક્તોમાં ફફડાટ

### રેફરલ હોસ્પિટલનો કર્મચારી કોરોનાથી સંક્રમિત

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ અટકવાનું નામ લઈ રહ્યું નથી ત્યારે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં કોરોનાએ પગપેસારો કરતા શામળાજીમાં ફફડાટ ફેલાયો છે. શામળાજી રેફરલ હોસ્પિટલમાં ડ્રેસર તરીકે ફરજ બજાવતાં કર્મચારી કોરોનાની ઝપેટમાં આવી જતા




હોસ્પિટમાં ફરજ બજાવતા તબીબો, આરોગ્ય કર્મીઓ અને સારવાર લેનાર દર્દીઓમાં ફફડાટ ફેલાયો છે. રેફરલ હોસ્પિટલ ત્રણ દિવસ માટે બંધ કરવાની નોબત આવતા ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને સારવાર માટે તકલીફનો સામનો કરવો પડી શકે છે.

પવિત્ર યાત્રાધામ શામળાજીમાં કોરોના વાયરસનો કેસ આવતા આદિવાસી સમાજના આશીર્વાદ સમાન શામળાજી રેફરલ હોસ્પિટલમાં કામ કરતા કર્મચારીઓ કોરોનાની ઝપટમાં આવતા ગ્રામ્ય વિસ્તારની પ્રજામાં ખોફ પ્રસરેલ છે. યાત્રાધામ શામળાજીમાં આવેલ રેફરલ હોસ્પિટલમાં ડ્રેસર તરીકે કામગીરી બજાવી રહેલ કર્મચારીને કોરોના પોઝિટિવ આવતાં હોસ્પિટલના કર્મચારીઓ તથા ડોક્ટર તથા સ્ટાફમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. કોરોના પોઝિટિવ આવતાં રેફરલ હોસ્પિટલ ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવી છે. રેફરલ હોસ્પિટલના ત્રણ ડોક્ટર સ્વયં આઈશોલેશન થઈ ગયા હતા. સવારથી જ જિલ્લા આરોગ્યની ટીમ રેફરલ હોસ્પિટલમાં આવી હતી અને આ કર્મચારીના સંપર્કમાં આવેલ લોકોની યાદી બનાવી તપાસ હાથ ધરી છે. આમ યાત્રાધામ શામળાજીમાં કોરોનાનો પહેલો કેસ આવતા ગ્રામ્ય વિસ્તારની હજારો ગરીબ આદિવાસી સમાજના લોકો આ હોસ્પિટલમાં સારવાર લેવા આવતા હોવાથી પ્રજામાં ભય અને ગભરાટ ફેલાયો હતો. રેફરલ હોસ્પિટલને સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી છે કેટલાય લોકોને આ ડ્રેસર દ્વારા ડ્રેસિંગ તેમજ સ્થાનિક સ્ટાફ અને જનતાને સંક્રમિત કર્યા હશે અને હવે કેટલાય લોકો આ રોગચાળાની ઝપટમાં આવશે તેની આજે તો જિલ્લાભરમાં ચર્ચાઓ વચ્ચે જીવલેણ કોરોનાનો પ્રથમ કેસ આવતા ગરીબ જનતામાં ભયનો માહોલ ઉભો થયો.

# પ્રાંતિજમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો પોકાર

### એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીના રહીશો છતાં પાણીએ પાણી વગર

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીના રહીશોને છે. ત્યારે સોસાયટીઓના રહીશોની સાથે ખુદ પાણી પુરવઠા સમિતિના ચેરમેન દ્વારા રજુઆતો કરવામાં આવી છે છતાં પણ પાલિકા તંત્ર દ્વારા ચીફ ઓફિસર આકાશભાઈ પટેલનો પણ ટેલીફોનિક સંપર્ક કરી તેવોને પુછતા તેવોએ જણાવ્યુ કે આરએમબી દ્વારા કામને લઈને



છેલ્લા ત્રણ દિવસથી પાણી ના મળતા રહીશોની હાલત હાલ તો પાણી વગર કફોડી બની છે. વિવિધ સોસાયટીના રહીશો સહિત ખુદ વોટરવર્કસ ચેરમેનની રજુઆત છતાં પાલિકાના ઠાગાઠૈયા.

પ્રાંતિજ ખાતે આવેલ એપ્રોચરોડ રોડ વિસ્તારમાં આવેલ સોસાયટીઓમાં છેલ્લા ત્રણ એક દિવસથી પ્રાથમિક જરૂરિયાત પીવાનું પાણી રહીશોને ના મળતા રહીશોની બુમરાહ છતાં નગરપાલિકા જાણે ઘોર નિદ્રામાં હોય તેવું જણાઈ આવે ઠાગાઠૈયા જોવા મળે છે. ત્યારે રહિશોને પાણીની ટેન્કર મારફતે પણ પાણી આપવામાં ના આવતા એપ્રોચરોડ ઉપર આવેલ વિવિધ સોસાયટીના રહીશોની પાણી વગર હાલ તો હાલત કફોડી બની છે. આ અંગે નગરપાલિકાના પાણી સમિતિના ચેરમેનને ટેલીફોન પુછતા તેવોએ જણાવ્યુ કે ઓલરેડી મે નગરપાલિકાના સીઓને વોટશોપ ઉપર લેખિતમાં જાણ કરી છે પણ હજુ સુધી કઈ કાર્યવાહી થઈ નથી. આ અંગે પ્રાંતિજ નગરપાલિકાના પાણીની મેન લાઈન તોડી નાખતા કામ ચાલુ છે અને સામાન લેવા અમદાવાદ માણસ મોકલેલ છે અને સામાન આવી ગયા પછી આજે રીપેરીંગ થઈ જશે અને રહીશોને નિયમિત રીતે પાણી મળશે. ત્યારે ત્રણ દિવસથી પાણીની મેન લાઈન ટુટી હોવા છતાં હજુ આજે પણ સામાન અમદાવાદથી આવશે કયારે અને રીપેરીંગ કયારે થશે ત્યારે હજુ રહીશોને પાણી માટે વધુ એક દિવસ ભટવુ પડશે તેમ કહીએ તો પણ નવાઈ નહી.